## ઑક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૫ બી.એ./બી. કૉમ. સેમેસ્ટર-૧(રીપીટર), ૩,૫,૬ માટે

## ગુજરાત યુનિવર્સિટી ઍક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ

### સુચનાઓ ની પ્રીન્ટ લઈ, સાચવી રાખો

- ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૦૩-૧૦-૨૦૧૫ છે.
- વિદ્યાર્થીની સરળતા માટે ભરીને તૈયાર કરાયેલ સેમ. ૧ (રીપીટર), ૩ અને ૫, ૬ના ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.org.in ઉપરથી મેળવી શકાશે.
- જો વિદ્યાર્થીનું નામ જે-તે પરીક્ષા માટે તૈયાર કરેલ ફોર્મમાં ન મળે તો યુનિવર્સિટીનો સંપર્ક કરવો.
- **દરેક વિદ્યાર્થીએ સિલેબસમાં આપ્યા પ્રમાણેના અભ્યાસક્રમ પ્રમાણે જ તૈયારી કરવાની રહેશે.**
- વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ અંગેની જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી જાતે મેળવી લેવી. યુનિવર્સિટીએ ઠરાવેલ અભ્યાસક્રમ મુજબ જ પરીક્ષા લેવામાં આવશે, જેની નોંધ લેશો. અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ www.gujaratuniversity.org.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
- વિદ્યાર્થીએ આ તૈયાર કરાયેલ ફોર્મની પ્રીન્ટ લઈ, પોસ્ટ ઓફિસમાં ફોર્મ ઉપર દર્શાવેલ નિયત ફી સાથે જમા કરાવવું.
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે. (ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.)

  ૧) છેલ્લે આપેલ પરીક્ષાના ગુણપત્રકની સ્વ-પ્રમાણિત નકલ,

  ૨) જો પ્રિ-પ્રિન્ટેડ ફોર્મમાં ફોટોગ્રાફ ન હોય, અથવા ખોટો હોય તો, ઑર્ડિ. ૧૭૪-ડી મુજબ જણાવેલી વ્યક્તિઓ પૈકી ગમે તે એક વ્યક્તિના જ સહી-સિક્કા પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ સ્થળે તમારી સહી સાથેના તેમજ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ઉપર કરાવવા. જો સહી-સિક્કા ન કરાવી શકાય તો તેની અવેજીમાં વિદ્યાર્થીએ પોતાના ફોટાની ઓળખ માટે નીચેની યાદીમાંથી કોઈ પણ એકની નકલ રજૂ કરવાની રહેશે. (ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, આધાર કાર્ડ અથવા ફોટો-વાળી ધો. ૧૨ પરીક્ષાની રસીદની નકલ.)

  **O. 174-D** :

  A candidate appearing at any external examination shall be required to affix on the space provided on the examination form his passport size photograph duly signed by him and certified by either (1) a Government Gazetted Officer or (2) Principal of the College affiliated to this University or (3) any other member of the Court of this University, or (4) the Head Master of a recognized High School in the State of Gujarat.

  ૩) જો બી.એ./બી.કૉમ.નો ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં આંશિક અભ્યાસ કરેલ હોય તો, કોલેજનું **અસલ** ના-વાંધા પ્રમાણપત્ર (NOC) મેળવી ફોર્મની સાથે જ રજૂ કરવું જરૂરી છે. ત્યાર બાદ જ રજિસ્ટ્રેશન અંગે ઘટતી આગળની કાર્યવાહી થાય છે, જેની નોંધ લેશો.

  ૪) છેલ્લો અભ્યાસ કર્યા પછી, રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાં જો એક વર્ષ કે તેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો નિયમ મુજબના સ્ટેમ્પ પેપર ઉપર **" આગળ અભ્યાસ કરેલ નથી "** તે બાબતનું સોગંદનામું રજુ કરવુ.

- **ઉપરોક્ત દર્શાવેલ નિયમમાં કોઇ જ અપવાદ નથી તેની ખાસ નોંધ લેવી. આ મુજબ કર્યેથી જ એક્સટર્નલ પરીક્ષા માટે નામ નોંધી શકાશે તેની નોંધ લેશો.**
- પરીક્ષા શરૂ થવાના પાંચ દિવસ પહેલા બેઠક નંબર તથા બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષા ઍડમિટ કાર્ડ યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.org.in પરથી જોઈ પ્રિન્ટ મેળવી લેવી.
- **સદરહુ પરીક્ષાનો બેઠક નંબર, સમયપત્રક તથા પરીક્ષા સ્થળની માહિતી દરેક વિદ્યાર્થીને ટપાલ દ્વારા મોકલવામાં આવશે નહીં જેની તમામ સંબંધકર્તે નોંધ લેવી.**
- વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ, પરીક્ષાના કાર્યક્રમ, પરીક્ષા એડમિટ કાર્ડ, બેઠક વ્યવસ્થા અંગેની જાણ ટપાલ મારફ્તે કરવામાં આવશે નહીં, આ જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી જાતે મેળવી લેવી.
- સેમેસ્ટર ૧, ૩ તથા ૫ની પરીક્ષા ઓક્ટોબર-નવેમ્બર-ડીસેમ્બર માસમાં યોજાશે જ્યારે સેમેસ્ટર ૨, ૪ તથા ૬ની પરીક્ષા એપ્રિલ-મે માસમાં યોજાશે.
- બી.એ./બી.કૉમ. સેમેસ્ટર-૧ (રીપીટર), ૩, ૫, ૬ માટે ફી
    - ફોર્મ ફી રૂ. ૫૦/-
    - પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત રૂ. ૭૦૦/-
    - કુલ રૂ. ૭૫૦/-
- યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર લિન્કમાં (http://www.gujaratuniversity.org.in/web/WebSyllabus.asp) www.gujaratuniversity.org.in→downloads→syllabus→Ordinances જે-તે અભ્યાસ માટે લાયકાતના ધોરણો મુકેલા છે. આવેદનપત્ર ભરતા પહેલા જે-તે અભ્યાસમાં પ્રવેશ માટેની લાયકાત ચકાસીનેજ ભરવા. જો આવેદનપત્ર ભર્યા બાદ જે-તે અભ્યાસ માટેની લાયકાત નહીં ધરાવતા હોય, ફી અથવા વિગત અધુરી કે અપુર્ણ હશે અથવા સાથે જરૂરી દસ્તાવેજો સામેલ નહીં હોય કે અન્ય કોઇ ત્રુટી/ખામી હશે તો તે આવેદનપત્ર રદ્દ કરવાનો ગુજરાત યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહેશે તેમજ આ અંગે ભરેલી કોઇ ફી પરત કરવામાં આવશે નહીં.
- **ગુજરાત યુનિવર્સિટી ઍકસટર્નલ પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગેના નિયમો અને માર્ગ-દર્શિકા મેં વાંચેલ છે, જે મને બંધનકર્તા રહેશે અને આવેદનપત્રમાં દર્શાવેલ વિગતો સાચી છે.**

**તારીખ :**

**સ્થળ :**

વિદ્યાર્થીની સહી